કેસ પ્રાપ્તિ તારીખ : ૦૩–૦૬–૨૦૨૬
કેસ દાખલ તારીખ : ૦૩–૦૬–૨૦૨૬
કેસ નિર્ણિત તારીખ : ૦૪–૦૬–૨૦૨૬
અવધી : ૦૦–વર્ષ, ૦૦–માસ, ૦૧ –દિવસ

======================================================

**સિધ્ધપુરના એડી ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. સિધ્ધપુર.**

======================================================

**ફો.પ.અ.નં.૧૯૩/૨૦૨૬**

**આંક–**

ઠાકોર મહેશજી ચમનજી અણદાજી,
ઉ.વ.આ.૨૬, ધંધો–મજુરી,
હાલ રહે. મકાન નં.૧૦, ગોકુલધામ સોસાયટી,
ગણેશપુરા, તા.સિધ્ધપુર, જી.પાટણ.
મુળ રહે. છાબલીયા, તા.વડનગર, જી.મહેસાણા **અરજદાર/આરોપી**

**–:: વિ રૂ ધ્ધ ::–**

શ્રી સરકાર **સામાવાળા/ફરિયાદી**

**બાબતઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા અધિનિયમની કલમ–૪૮૦ મુજબ જામીન અરજી.

---

અરજદાર/આરોપી તરફે :– વિ.વ.શ્રી બી.એમ.ચમાર
સામાવાળા/ફરિયાદી તરફે :– વિ.એ.પી.પી.શ્રી એચ.પી.પટેલ

---

**-:: ચુકાદો ::-**

(૧) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રી એ રજૂઆત કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૦૨૬૦ ૬૦૦/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૮(૪),૩૧૯(૨),૬૧(૨),૫૪ તથા આઇ.ટી.એકટ કલમ-૬૬(ડી) મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર/આરોપી હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી સદર કહેવાતા ગુના વિશે કંઈ જાણતા નથી, તેઓએ આવો કોઇ ગુનો કરેલ નથી, ખોટી હકીકતો ઉભી કરી હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. અરજદાર/આરોપી નિર્દોષ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ સ્વતંત્ર પુરાવો નથી. અરજદાર/ આરોપી અત્રેના જીલ્લાના રહેવાસી છે, સ્થાવર તથા જંગમ મિલકતો ધરાવે છે, ક્યાંય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી ઉપર કુટુંબની જવાબદારી છે. આમ, અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

(૨) વિ.એ.પી.પી.શ્રી નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ અન્ય સહ આરોપીઓ સાથે મળી શેરબજારમાં રોકાણ કરવાના નામે છેતરપીંડી ઠગાઇ કરવાના ઈરાદે ગુનાહીત કાવતરૂ રચી એકબીજાને મદદગારી કરી ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે. હાલમાં તપાસ ચાલુ છે. વધુમાં જો આવા પ્રકારના ગુનામાં આરોપીને જામીન ઉપર છોડવામાં આવે તો સમાજમાં તેની વિપરતી અસર થાય તેમ હોઈ હાલના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૩) બંને પક્ષની દલીલો સાંભળી. ફરીયાદ વંચાણે લીધી. આ કામે અરજદાર/આરોપીએ અન્ય સહ આરોપીઓના મેળાપીપણામાં એન્ડ્રોઇડ મોબાઇલ ફોનમાં માર્કેટ પલ્સ નામની એપ્લીકેશન રાખી જેમાં શેર બજારના ભાવની વધઘટ જોઇ સાદા કીપેડ વાળા મોબાઇલ ફોનો દ્વારા ગ્રાહકોને ફોન કરી પોતે ખોટુ નામ ધારણ કરી સેબીના કોઇપણ પ્રકારના લાઇસન્સ વગર લોકોને શેરબજારમાં વધુ નાણાં કમાવી આપવાની ટીપ્સ આપી શેરબજારના નામે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે. જે સંદર્ભે બી.એન.એસ. કલમ-૩૧૮(૪),

૩૧૯(૨) તથા ૩૧૮(૩) સંદર્ભે ગુન્હાની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો ૭ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે તેમજ કલમ–૩૧૯(૨) માં પાંચ વર્ષની જોગવાઇ છે અને આઇ.ટી. એકટની કલમ–૬૬(ડી) ધ્યાને લેતાં તેમાં ત્રણ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. આ કામે અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ, ગુનાની ગંભીરતા, ટ્રાયલ દરમિયાન અરજદાર/આરોપીની હાજરીની શકયતા, પુરાવા સાથે છેડછાડ થવાની શકયતા, સાક્ષીઓને ફોડવાની શકયતા વિગેરે તમામ પાસા ધ્યાને લેતા, અરજદાર/આરોપી ની હાલની અરજી શરતોને આધિન મંજૂર કરવી ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો મુચરકો રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ</u>**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના કેસના સાહેદોને ફોડવાની કોશીષ કરવી નહી કે પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહી.
(૨) તપાસના કામે પોલીસને સંપુર્ણ સહયોગ આપવો.
(૩) અરજદાર/આરોપી એ પોતાનો મોબાઇલ નંબર અત્રેની કોર્ટમાં તેમજ તપાસ કરનાર અમલદાર સક્ષમ જાહેર કરવો અને તે મોબાઇલ નંબર બદલવો નહી.
(૪) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવું.
(૫) અરજદાર/આરોપીએ તેઓની સામેનું ચાર્જશીટ થતા સુધી દર માસની ૧ થી ૫ તારીખ સુધીમાં પોલીસ સ્ટેશને હાજરી પુરાવવી.

– હુકમ સંબંધે જરૂરી યાદી કરવી.
– સદર હુકમની નકલ પ્રોડકશનના કાગળો સાથે રજુ રાખવી.

હુકમ આજરોજ તા. **૦૪થી** માહે **જૂન** સને **૨૦૨૬** ના ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪/૦૬/૨૦૨૬
સિધ્ધપુર

(નિતિનચંદ્ર નવિનચંદ્ર દવે)
કોડ નં.જીજે ૦૧૦૬૯
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
સિધ્ધપુર